EDII

The Economic Times (Gujarati)

August 01, 2019

Page No. 02

# રાજ્યમાં નવી ઔદ્યોગિક નીતિ ઘડવા માટે દસ ટાસ્કફોર્સની રચના

ઇટી બ્યૂરો

અમદાવાદ

ઔદ્યોગિક ક્ષેત્રે વિકાસની ગતિને વૈશ્વિક પ્રવાહો-બિઝનેસ સાથે તાલમેલ સાધે તે માટે રાજ્ય સરકારે ઔદ્યોગિક નીતિમાં ફેરફાર કર્યો છે. આ માટે સૂચનો અભ્યાસ-સમીક્ષા માટે ૧૦ વિવિધ ટાસ્કફોર્સની રચના કરવાનો નિર્ણય મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કર્યો છે. રાજ્યની વર્તમાન ઉદ્યોગનીતિ ડિસેમ્બર ૨૦૧૯માં પૂર્ણ થઈ રહી હોઈ રાજ્ય સરકારે આ કવાયત હાથ ધરી છે. રાજ્ય સરકારના જણાવ્યા અનુસાર, મુખ્યમંત્રીએ આ સંદર્ભમાં આવનારા સમયના ઉદ્યોગો અને તેને આનુષંગિક બાબતોનો સર્વગ્રાહી અભ્યાસ સમીક્ષા કરી તેને અનુરૂપ નવી ઉદ્યોગનીતિ તૈયાર કરવાનો ઇન્ડસ્ટ્રિયલ ફ્રેન્ડલી અભિગમ અપનાવ્યો છે. આ હેતુસર જુદી જુદી ૧૦ જેટલી ટાસ્કફોર્સની રચનાને તેમણે મંજૂરી આપી છે. આ બધી ટાસ્કફોર્સ કમિટી વખતોવખત બેઠક યોજીને ૩ મહિનામાં રાજ્યના ઉદ્યોગ કમિશનરને ભલામણો મોકલી આપે તેવું પણ ઠરાવવામાં આવ્યું છે.



રાજ્યકક્ષાની ટાસ્કફોર્સ કમિટી મુખ્ય સચિવ ડો. જે એન સિંહના અધ્યક્ષપણા નીચે રચવામાં આવી છે, તેમાં નાણા, વન પર્યાવરણ, મહેસૂલના અધિક મુખ્ય સચિવો તથા અન્ય સભ્યોમાં ઉદ્યોગના અગ્ર સચિવ, વાણિજ્યિક વેરા કમિશનર, ઉદ્યોગ કમિશનર, ઉદ્યોગ વિભાગના સંયુક્ત સચિવ, નાયબ સચિવ અને ઓએસડીનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ટાસ્કફોર્સના અન્ય બિનસરકારી સભ્યો તરીકે GCCIના પ્રમુખ દુર્ગેશ બુચ, FICCIના ગુજરાત એકમના પ્રમુખ, CIIના ગુજરાત પ્રમુખ રાજુભાઈ શાહ, એસોચેમના ગુજરાત પ્રમુખ જક્ષય શાહ તેમજ PDPUના ડાયરેક્ટર સી ગોપાલક્રિષ્નન, IIM અમદાવાદના પ્રોફેસર સબેસ્ટિયન મોરેશ, EDIના પ્રો. દિનેશ અવસ્થી અને કિરણ જોષી રહેશે. આ કમિટીના સભ્ય સચિવ તરીકે અધિક ઉદ્યોગ કમિશનર ફરજ બજાવશે.રાજ્યકક્ષાની આ ટાસ્કફોર્સ સમિતિ ઉપરાંત ઉદ્યોગ કમિશનરના અધ્યક્ષપણામાં MSME સેક્ટર વિકાસ, થ્રસ્ટ સેક્ટર અને મોટા ઉદ્યોગોના વિકાસ માટે, માંદા એકમોના પુનઃ સ્થાપન માટે, સ્ટાર્ટઅપ તેમજ ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ માટે કમિટીઓ રચવામાં આવી છે. આ નવી ઉદ્યોગનીતિ અંતર્ગત પર્યાવરણીય સુરક્ષા અને ઔદ્યોગિક પ્રદૂષણ નિયંત્રણ માટે વન-પર્યાવરણના અધિક મુખ્ય સચિવની અધ્યક્ષતામાં, ઔદ્યોગિક આંતરમાળખાકીય સુવિધા વિકાસ અને જમીનવિષયક બાબતો માટે જીઆઇડીસીના એમડીની અધ્યક્ષતામાં, વેપાર વાણિજ્યિક અને સેવા ક્ષેત્રના વિકાસ માટે સ્પેશિયલ કમિશનર કોમર્શિયલ ટેક્સના અધ્યક્ષપણામાં અને સ્કીલ અપગ્રેડેશન તથા ઉદ્યોગોને અનુરૂપ રોજગાર નિર્માણ માટે રોજગાર તાલીમ નિયામકના વડપણ નીચે ટાસ્કફોર્સ રચવામાં આવી છે.